GJBK210001712026

**મહે.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં મું. લાખણી,જી.બનાસકાંઠા.**

**ક્રિમીનલ કેસ નંબર:-૧૪૮/૨૦૨૬**

ફરિયાદી :- **શ્રી સરકાર**

વિ રુ ઘ્ધ

આરોપી :- **ખોડાભાઈ માનાભાઈ રબારી**

રહે.રડકા, તા.થરાદ, જી.વાવ થરાદ.

**ગુનો:- બી.એન.એસ.કલમ-૨૮૧ મુજબ.**

**-:ઠ રા વ:-**

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ તા. ૧૬/૧૧/૨૦૨૫ ના રોજ કલાક.૧૮:૦૦ વાગ્યાના સુમારે મોજે આગથળા મુકામે પોતાની મહીન્દ્રા કંપની નું પીકઅપ ડાલુ નં.GJ 08 Y 8303 નું જાહેર રસ્તા પર પુરઝડપે અને અને ગફલતભરી રીતે હંકારી, આવતા જતાં રાહદારીઓને અકસ્માત થાય તેમજ અન્ય માણસોની જીંદગી જોખમમાં મુકાય તે રીતે ચલાવી મળી આવી, ફરિયાદીએ સરકાર તરફે આરોપી વિરુઘ્ધ ફરિયાદ દાખલ કરતા, તપાસનાઅંતેઆકોર્ટમાંસદરહુંગુનાઅંગે ચાર્જશીટં રજુ કરેલ છે.

૨. આરોપી ચાર્જશીટના કામે હાજર થતાં તેને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવી. આરોપીની પ્લી લેવામાં આવતાં આરોપીએ ગુનાનો સ્વૈચ્છિક ઈકરાર કરેલ છે. આ ઉપરાંત આરોપીએ ગુના કબુલાત પુરશીસ રજુ કરી ગુનો સ્વૈચ્છાએ કબુલ કરે છે અને પોતાનો આ પ્રથમ ગુનો છે અને લાબું પહોળુ કુટુંબ ધરાવે છે તેમ જણાવી દયા કરી ગુનામાંથી મુકત કરવા તથા દંડનો હુકમ કરવા વિનંતી કરે છે.

૩. આરોપીની ઉપરોકત રજુઆત ધ્યાને લીધી. આરોપી સામેના ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઈ ધ્યાનમાં લીધી. આરોપીની કબુલાત સાચી અને સ્વૈચ્છિક નહી માનવા કોઈ કારણ નથી. વધુમાં **ગુજરાત રાજ્ય વિ.નટવર હરચંદજી ઠાકોરના** ચુકાદામાં નામ.વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતાં ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગોને ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## ***હુ ક મ***

આ કામના આરોપી **ખોડાભાઈ માનાભાઈ રબારી** ને બી.એન.એસ.એસની કલમ–૨૬૪ અન્વયે બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવી રૂ.૫૦૦/– ( અંકે રૂપીયા પાંચસો પુરા) દંડ, અને જો દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ સ્પે.શીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:લાખણી.
તા.૧૪/૦૩/૨૦૨૬

**(કુલદિપ આર. શર્મા)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,લાખણી
CODE NO.GJ01641